

કમલમ્,

રક્ષાબંધન એટલે ભાઈ-બહેનના પવિત્ર સંબંધમાં પ્રેમ, વિશ્વાસ અને સુરક્ષાનું અતૂટ બંધન રક્ષાબંધન પર્વની પરિવારજનો સાથે આનંદ અને લાગણીસભર વાતાવરણમાં ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે ઉજવણી કરી. બહેનના હાથે બંધાયેલી રાખડી માત્ર એક પવિત્ર દોરો નથી, પરંતુ જીવનભર એકબીજાની સાથે રહેવા, સુખ-દુઃખમાં સહારો બનવા અને સંબંધોની મીઠાશ જાળવી રાખવાનો સંકલ્પ છે. ઈશ્વર પાસે પ્રાર્થના છે કે તમામ બહેનોના જીવનમાં સુખ, શાંતિ, સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ સદાય જળવાઈ રહે તથા તેમના દરેક સપના સાકાર થાય. સર્વે ભાઈ-બહેનોને રક્ષાબંધનના પાવન પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.





કમલમ્,

સિદ્ધપુર તાલુકા કક્ષાના ૭૭મા વન મહોત્સવની ઉજવણી હરિયાળું અને પર્યાવરણપ્રેમી સિદ્ધપુર નિર્માણના સંકલ્પ સાથે સફળતાપૂર્વક સંપન્ન થઈ. "એક પેડ માં કે નામ ૩.૦" અભિયાન સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી વૃક્ષારોપણના પવિત્ર કાર્યમાં સહભાગી થવાનો અવસર મળ્યો. વન મહોત્સવ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ આવનારી પેઢીને શુદ્ધ હવા, સ્વચ્છ પર્યાવરણ અને હરિયાળું ભવિષ્ય આપવાનો સંકલ્પ છે. વૃક્ષો આપણું જીવન, આપણી ધરતી અને આપણા ભવિષ્યની અમૂલ્ય સંપત્તિ છે. દરેક નાગરિક ઓછામાં ઓછું એક વૃક્ષ વાવે, તેનું જતન કરે અને પર્યાવરણ સંરક્ષણને પોતાની જવાબદારી માને, ત્યારે જ આ અભિયાન સાચા અર્થમાં સફળ બનશે. આવો, સૌ સાથે મળી સિદ્ધપુરને વધુ હરિયાળું, સ્વચ્છ અને સુંદર બનાવીએ અને "એક પેડ માં કે નામ"ના સંદેશને જનજન સુધી પહોંચાડીએ. આ કાર્યક્રમમાં શ્રી નંદાજી ઠાકોર, શ્રી મુકેશભાઈ ચૌધરી, શ્રી વિષ્ણુભાઈ પટેલ, પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી, શ્રી જશુભાઈ પટેલ, શ્રી મનીષભાઈ પ્રજાપતિ, શ્રી અશોકભાઈ પટેલ, શ્રી મહેશભાઈ દેસાઈ, શ્રી અભુજી ઠાકોર, શ્રી શૈલેષભાઈ પટેલ, ગામના સરપંચશ્રી, શ્રી નાગજીભાઇ દેસાઈ, શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી જાવેદભાઈ, વન વિભાગના અધિકારીશ્રીઓ, શ્રી હિતેશભાઈ, શ્રી કાનજીભાઈ, શ્રી દશરથજી, શ્રી ડાહ્યાભાઈ, શાળાના સ્ટાફ મિત્રો, ગામના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા

# વડોદરામાં PM મોદીના 'ખેલો ઈન્ડિયા' કાર્યક્રમના જીવંત પ્રસારણમાં નિમુબેન બાંભણિયાની ઉપસ્થિતિ, યુવા ખેલાડીઓને રમતગમત ક્ષેત્રે આગળ વધવા પ્રોત્સાહિત કર્યા

**"છેલ્લા ૧૨ વર્ષમાં યુવાનો માટે રમત, કૌશલ્ય, શિક્ષણ અને રોજગાર ક્ષેત્રે અનેક નવી તકોનું નિર્માણ થયું": નિમુબેન બાંભણિયા**

**રમતગમત ક્ષેત્રે દેશની દીકરીઓ અને દિવ્યાંગ ખેલાડીઓની સિદ્ધિઓને બિરદાવવામાં આવી**



કમલમ્,

દેશભરમાં રાષ્ટ્રીય રમતગમત દિવસ-૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત 'માય ભારત' અને 'ખેલો ઈન્ડિયા'ના સંયુક્ત ઉપક્રમે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ દેશભરના ખેલાડીઓ અને યુવાશક્તિને સંબોધન કરીને તેમને રમતગમત ક્ષેત્રે આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. દેશભરમાં આશરે ૧,૫૦૦ સ્થળોએ પ્રધાનમંત્રીના પ્રેરણાદાયી સંવાદનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના પંડિત દીનદયાળ ઉપાધ્યાય સભાગૃહ ખાતે પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા, એમ.એસ. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. શ્રીનિવાસ ભણગે, સાંસદ ડૉ. હેમાંગ જોશી, પ્રો. સુનિતા શર્મા સહિત મોટી સંખ્યામાં ખેલાડીઓ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બિહારના પેરા-બેડમિન્ટન ખેલાડી રાકેશ કુમારનું સન્માન કરવામાં આવ્યું હતું. રાકેશ કુમારે વડોદરાના યુવા ખેલાડીઓને માર્ગદર્શન આપી રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠપ્રદર્શન કરવા માટે પ્રેરણા પૂરી પાડી હતી. ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજયમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૨ વર્ષ દરમિયાન દેશના યુવાનો માટે રમતગમત, કૌશલ્ય વિકાસ, શિક્ષણ અને રોજગારના ક્ષેત્રોમાં અનેક નવી તકોનું નિર્માણ થયું છે. 'ખેલો ઈન્ડિયા' અભિયાન થકી દેશની યુવાશક્તિને રમતગમત ક્ષેત્રે પોતાની પ્રતિભા વિકસાવવા અને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ વધવા માટે મજબૂત પ્લેટફોર્મ મળ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, દેશની દીકરીઓ પણ રમતગમતના ક્ષેત્રે સતત શાનદાર પ્રદર્શન કરીને નવા ઈતિહાસનું સર્જન કરી રહી છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ૨૦૨૫ના મહિલા ક્રિકેટ વર્લ્ડ કપમાં મેળવેલી ઐતિહાસિક જીત દેશની દીકરીઓ માટે મોટી પ્રેરણારૂપ બની છે. સાથે જ, આપણા દિવ્યાંગ ખેલાડીઓ પણ પોતાની અદમ્ય પ્રતિભા, સંઘર્ષ અને મહેનતના બળે દેશનું ગૌરવ વધારી રહ્યા છે. શ્રીમતી નિમુબેન બાંભણિયાએ વધુમાં જણાવ્યું હતું કે, આજે દેશભરમાં ૧,૫૦૦થી વધુ સ્થળોએ યુવાનો અને ખેલાડીઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રેરણાદાયી સંવાદ સાથે જોડાઈ રહ્યા છે. રાષ્ટ્રીય રમતગમત દિવસ નિમિત્તે તેમણે સમગ્ર યુવાશક્તિને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. તેમણે સૌને પ્રધાનમંત્રી મોદીના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે સતત યોગદાન આપતા રહેવા આહ્વાન કર્યું હતું.

# વિસનગરની સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે "રક્ષાબંધન ઉજવણી – ૨૦૨૬"નું આયોજન



કમલમ્,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર ખાતે આઈ.કે.એસ. હેરિટેજ એન્ડ કલ્ચર ક્લબ તથા યોગા એન્ડ વેલનેસ ક્લબ દ્વારા ઓમ શાંતિ બ્રહ્માકુમારી બહેનોના સહયોગથી તા. ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ઓડિટોરિયમ હોલ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં "રક્ષાબંધન પર્વનું વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક મહત્વ" વિષય પર વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશ પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બી.કે. રેશ્મા દીદી, રાજયોગ શિક્ષિકા, બ્રહ્માકુમારી દ્વારા રક્ષાબંધન પર્વના વૈજ્ઞાનિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્વ અંગે વિસ્તૃત અને પ્રેરણાદાયી વક્તવ્ય આપવામાં આવ્યું હતું. તેમણે રક્ષાબંધનને માત્ર ભાઈ-બહેનના સ્નેહના પર્વ તરીકે નહીં, પરંતુ પવિત્રતા, આત્મિક શક્તિ, રક્ષણ, આદર, સદ્ભાવના અને માનવ મૂલ્યોના સંવર્ધન સાથે જોડાયેલા પવિત્ર પર્વ તરીકે સમજાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બ્રહ્માકુમારી બહેનોએ ઉપસ્થિત મહાનુભાવો, ડાયરેક્ટરશ્રી, ડીનશ્રીઓ, વિવિધ સંસ્થાઓના વડાશ્રીઓ, અધ્યાપકગણ, કર્મચારીગણ તથા વિદ્યાર્થીઓને વિધિપૂર્વક રાખડી બાંધી હતી. રાખડીને રક્ષણ, પ્રેમ, આદર, જવાબદારી અને પરસ્પર સદ્ભાવનાના પવિત્ર બંધનનું પ્રતીક ગણાવી સૌને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને જીવનમાં ઉતારવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી હેઠળની વિવિધ સંસ્થાઓના ડીનશ્રીઓ, વડાશ્રીઓ, અધ્યાપકગણ, કર્મચારીગણ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉત્સાહપૂર્ણ, સૌહાર્દપૂર્ણ અને આધ્યાત્મિક વાતાવરણ જોવા મળ્યું હતું. રક્ષાબંધન જેવા ભારતીય સાંસ્કૃતિક પર્વોની ઉજવણી દ્વારા યુનિવર્સિટીનો હેતુ ભારતીય જ્ઞાન પરંપરા, સંસ્કૃતિ અને જીવનમૂલ્યોનું જતન તથા સંવર્ધન કરવા સાથે યુનિવર્સિટી સમુદાયમાં એકતા, ભાઈચારો, નૈતિકતા, પરસ્પર આદર અને આધ્યાત્મિક સુખાકારીને પ્રોત્સાહન આપવાનો છે. કાર્યક્રમના સફળ આયોજન બદલ આઈ.કે.એસ. હેરિટેજ એન્ડ કલ્ચર ક્લબ, યોગા એન્ડ વેલનેસ ક્લબ તથા બ્રહ્માકુમારી બહેનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.





કમલમ્,

ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે સંત શિરોમણી ગુરુ રવિદાસજી મહારાજની ૬૫૦મી જન્મજયંતિ નિમિત્તે "સમરસતા સંકલ્પ અભિયાન" અંતર્ગત કાશીથી લાવવામાં આવેલી પવિત્ર માટી સાથે નીકળેલી ભવ્ય કળશ યાત્રાનું દશાવાડા ખાતે ભાવભર્યા અને ભક્તિમય વાતાવરણમાં વિસર્જન કરવામાં આવ્યું. સમગ્ર યાત્રા દરમિયાન સંત રવિદાસજીના સમરસતા, સમાનતા, માનવતા અને ભાઈચારાના સંદેશને જનજન સુધી પહોંચાડવાનો પવિત્ર પ્રયાસ કરવામાં આવ્યો. કાશીથી પ્રારંભ થયેલી આ પાવન કળશ યાત્રાએ અનેક સ્થળોએ સંતશ્રીના વિચારો અને સામાજિક એકતાનો સંદેશ આપ્યા બાદ આજે દશાવાડા ખાતે પોતાની યાત્રા પૂર્ણ કરી. આ પવિત્ર પ્રસંગે શ્રી નંદાજી ઠાકોર, શ્રી મુકેશભાઈ ચૌધરી, શ્રી વિષ્ણુભાઈ પટેલ, તાલુકાના મહામંત્રીશ્રીઓ, શ્રી મુકેશભાઈ દેસાઈ, શ્રી રામજીભાઈ (પ્રમુખશ્રી), શ્રી અશોકભાઈ પટેલ, શ્રી મુરાદભાઈ, શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી ડાયાભાઈ દેસાઈ, શ્રી કાનજીભાઈ દેસાઈ, શ્રી દશરથસિંહ રાજપુત, શ્રી જાવેદભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી પ્રકાશભાઈ, શ્રી હિતેશભાઈ, શ્રી મનીષભાઈ પ્રજાપતિ, શ્રી નાગજીભાઈ દેસાઈ, શ્રી ગુલાબસિંહ રાજપૂત, સંગઠનના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા, આગેવાનો અને સ્થાનિક નાગરિકો ભાવપૂર્વક જોડાયા હતા. સૌએ સંત રવિદાસજી મહારાજના દર્શાવેલા સમરસતા અને માનવતાના માર્ગે ચાલવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

# દાહોદ ખાતે રાજયમંત્રીશ્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને સમરસ વિદ્યાસેતુ કાર્યક્રમ યોજાયો

**"બેક ટુ સ્કૂલ" મિશન હેઠળ શ્રેષ્ઠ કામગીરી કરનાર ૨૨ શિક્ષકોનું સન્માન અને માધ્યમિક શાળાઓના ૧૧૧ શિક્ષણ સહાયકોને પુરા પગારના આદેશ એનાયત કરાયા**

**જિલ્લામાં 'સમરસ વિદ્યા સેતુ અભિયાન' અંતર્ગત ડ્રોપઆઉટ બાળકોને પુનઃશિક્ષણ પ્રવાહમાં જોડવા જિલ્લા વ્યાપી આયોજન**



**ગુરુ એ નાનકડાં ભૂલકાઓમાં સંસ્કારો સાથે વિદ્યા અને વ્યક્તિત્વનું સિંચન કરે છે.-મંત્રીશ્રી રમેશભાઈ કટારા**

કમલમ્,

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) અંતર્ગત વર્ષ ૨૦૩૦ સુધીમાં શાળા શિક્ષણમાં ૧૦૦ ટકા Gross Enrolment Ratio (GER) હાંસલ કરવા તેમજ શાળામાંથી ડ્રોપઆઉટ થયેલા બાળકોને પુનઃ શિક્ષણ પ્રવાહમાં જોડવાના ઉદ્દેશથી રાજ્યમાં 'સમરસ વિદ્યા સેતુ અભિયાન' અમલમાં મૂકવામાં આવ્યું છે. જે અન્વયે દાહોદ જિલ્લામાં પણ 'સમરસ વિદ્યા સેતુ અભિયાન' અંતર્ગત ડ્રોપઆઉટ બાળકોને પુનઃશિક્ષણ પ્રવાહમાં જોડવા જિલ્લા વ્યાપી આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત શાળા છોડી ગયેલા તથા શાળામાંથી વિમુખ થયેલા વિદ્યાર્થીઓને ફરીથી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડવા માટે વિવિધ મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ અભિયાન હેઠળ 'Back to School' અંતર્ગત શાળા છોડી ગયેલા (Drop-out) તથા શાળામાંથી વિમુખ થયેલા વિદ્યાર્થીઓનો શિક્ષકો દ્વારા સંપર્ક કરી જરૂરી માર્ગદર્શન આપી પુનઃ શાળામાં પ્રવેશ અપાવવાનો છે. લિટલ ફ્લાવર્સ સ્કૂલ, દાહોદ ખાતે રાજ્યમંત્રીશ્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને સમરસ વિદ્યાસેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રી રમેશભાઈ કટારાએ પ્રાસંગિક પ્રવચન આપતાં કહ્યું હતું કે, ગુરુ એ નાનકડાં ભૂલકાઓમાં સંસ્કારો સાથે વિદ્યા અને વ્યક્તિત્વનું સિંચન કરે છે. પોતાનાં બાળકોના ભવિષ્ય ઘડવાની જવાબદારી દરેક માતાપિતા શિક્ષકોને સોંપી દે છે. શિક્ષક એ બાળકોના જીવનની કેડી કંડારી તેને યોગ્ય દિશામાં દોરી જાય છે. એમણે ઉમેર્યું હતું કે, સરકાર બાળકોને આંગણવાડી થી લઈને કોલેજ પૂર્ણ થવા સુધીની તમામ સગવડ કરી રહી છે. મફત શિક્ષણ થી શરૂ કરીને શિષ્યવૃતિ આપવા સુધીની વ્યવસ્થા પુરી પાડી છે એમ કહેતાં મંત્રીશ્રીએ સામૂહિક પ્રયાસો દ્વારા કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે અને શાળા બહાર રહેલા બાળકો ફરીથી શિક્ષણના પ્રવાહમાં જોડાય તે માટે સઘન કામગીરી હાથ ધરવામાં માટે આહવાન કર્યું હતું. આ સાથે સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર એ ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સૌ શિક્ષકોને સન્માનિત થવા બદલ અભિનંદન પાઠવી રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા બાળકોના શિક્ષણ માટેની શિષ્યવૃતિ જેવી યોજનાઓ અંગે માહિતી આપી હતી. આ દરમ્યાન મંત્રીશ્રી સહિત ઉપસ્થિત સૌ મહાનુભાવો દ્વારા બેક ટૂ સ્કૂલ અન્વયે શ્રેષ્ઠ કામગીરી કરનાર ૨૨ શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે ૧૧૧ જેટલા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોને પૂરા પગાર આદેશ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કલેક્ટરશ્રી સુરભિ ગૌતમ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરેન બારોટ, દાહોદ ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી, ગરબાડા ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ભાભોર, દાહોદ નગરપાલિકા પ્રમુખ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એસ. એલ. દામા, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી આરત બારીયા, શિક્ષણ નિરીક્ષકશ્રી રાકેશ ભોંકણ સહિત અન્ય અધિકારીશ્રીઓ તેમજ શિક્ષકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગરમાં ફુડ સેફ્ટી વિભાગ દ્વારા હોટેલ-રેસ્ટોરેન્ટમાં સઘન ચેકિંગ

**૩૯ પેઢીઓની તપાસ, ૫૨.૬ કિગ્રા અખાદ્ય ખોરાકનો સ્થળ પર નાશ કરાયો**



કમલમ્, ઈકબાલ મેમણ

પ્રજાજનોને શુદ્ધ, ગુણવત્તાયુક્ત અને સાત્વિક આહાર મળી રહે તે હેતુથી ફુડ સેફ્ટી વિભાગ દ્વારા હિંમતનગર શહેરની હોટેલો, રેસ્ટોરેન્ટો અને ફરસાણની દુકાનોમાં સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ અંતર્ગત ફુડ સેફ્ટી ઓફિસર (FSO) અને 'ફુડ સેફ્ટી ઓન વ્હીલ્સ' (FSW) ની મોબાઈલ ટીમ દ્વારા સંયુક્ત રીતે ૩૯ વેપારી પેઢીઓની આકસ્મિક તપાસ કરાઈ હતી. ફુડ સેફ્ટી ઓફિસર દ્વારા શંકાસ્પદ જણાતા ૪ ખાદ્ય પદાર્થોના નમૂના મેળવી વધુ લેબોરેટરી પરીક્ષણ અર્થે મોકલવામાં આવ્યા છે. 'ફુડ સેફ્ટી ઓન વ્હીલ્સ' ની મોબાઈલ લેબ દ્વારા ૩૨ ખાદ્ય સામગ્રીનું સ્થળ પર જ ગુણવત્તા ચકાસણી (ઓન-ધ-સ્પોટ ટેસ્ટિંગ) કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન આરોગ્ય માટે હાનિકારક માલૂમ પડેલા કુલ ૫૨.૬ કિલોગ્રામ અખાદ્ય ખાદ્ય પદાર્થોનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો, જેની અંદાજિત કિંમત ૬,૬૫૦/- થાય છે. નિયમોનું સંપૂર્ણ પાલન ન કરતી અને સફાઈ તેમજ ગુણવત્તામાં ખામી ધરાવતી ૨ પેઢીઓને ક્ષતિઓ ત્વરિત સુધારવા માટે ઈમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારવામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારા અને અસ્વચ્છતા રાખનારા વેપારીઓ સામે આગામી દિવસોમાં પણ આવી જ કડક કાનૂની કાર્યવાહી ચાલુ રહેશે.

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠના ૭૨મા પદવીદાન સમારંભને સંબોધિત કર્યો

## ભારતીય જીવન-પદ્ધતિ, જીવન મૂલ્યો અને પરંપરાઓ જ ગાંધીજીના સંદેશનો મૂળ આધાર છે, તેથી તેમના સંદેશાઓ ક્યારેય કાળબાહ્ય નહીં થાય






## ૧૮ ઓક્ટોબર ૧૯૨૦ના રોજ સ્થપાયેલી 'ગુજરાત વિદ્યાપીઠ' નિરંતર પ્રયોગોના માધ્યમથી ભારતીય શિક્ષણ વ્યવસ્થાને વિકસિત કરવાની પ્રયોગશાળા બની

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠના ૭૨મા પદવીદાન સમારંભને મુખ્ય અતિથિ તરીકે સંબોધિત કર્યો. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતસહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત હતા. પદવીદાન સમારંભને સંબોધિત કરતા કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે આજે ગુજરાત વિદ્યાપીઠમાંથી ૯૦૦ વિદ્યાર્થીઓ પદવી લઈને સામાજિકજીવનમાં પ્રવેશ કરી રહ્યા છે અને આ આ વિદ્યાર્થીઓના જીવનની એક અમૂલ્ય ક્ષણ છે. શ્રી અમિત શાહે કહ્યું કે તેઓ બાળપણથી જ મહાત્મા ગાંધીના પ્રશંસક રહ્યા છે. તેમની માતા પણ મહાત્મા ગાંધીની અનન્ય અનુયાયી રહી છે. શ્રી શાહે કહ્યું કે તેમણે પોતાના જીવનના પ્રારંભિક સમય સુધી ખાદી વણી છે અને સૂતર પણ કાંત્યું છે. તેમણે કહ્યું કે તેમની માતાએ તેમની પાસેથી જીવનભર ખાદી પહેરવાનો સંકલ્પ લીધો છે. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે ગુજરાત વિદ્યાપીઠ જ તે સ્થાન છે, જ્યાં સ્વતંત્રતા સંગ્રામમાં દેશને આઝાદી અપાવવા માટે વ્યુહરચના બનતી હતી અને જ્યાં આચાર્ય જે. બી. કૃપલાણી અને કાકા સાહેબ કાલેલકર જેવા મહાપુરુષોએ ભારતીયતા અને સ્વભાષા માટે જનતાને જાગરૂક કરવાનું કામ કર્યું. તેમણે કહ્યું કે મહાત્મા ગાંધીએ ગુજરાત વિદ્યાપીઠનો પાયો નાખતી વખતે નક્કી કર્યું હતું કે ભારત આઝાદ થયા પછી ગુજરાત વિદ્યાપીઠ જ ભારતીય શિક્ષણ પદ્ધતિનું મોડેલ બનાવશે. શ્રી અમિત શાહે ગુજરાત વિદ્યાપીઠમાંથી આજે પદવી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને અપીલ કરી કે તેઓ વિદ્યાપીઠનું પ્રાંગણ છોડતા પહેલાં પોતાના જીવનનું લક્ષ્ય ચોક્કસ નક્કી કરે. લક્ષ્ય નક્કી કરતી વખતે મનમાં એ બોજ ન હોવો જોઈએ કે નક્કી કરેલું લક્ષ્ય પૂરું થશે કે નહીં. તેમણે કહ્યું કે ક્યારેય એ ન વિચારવું જોઈએ કે કામ થઈ શકશે કે નહીં, પરંતુ એ વિચારવું જોઈએ કે કામ કરવા જેવું છે કે નહીં. ગૃહ મંત્રી શ્રી અમિત શાહે વિદ્યાર્થીઓને કહ્યું કે લક્ષ્ય ક્યારેય પોતાના માટે નક્કી ન કરવું જોઈએ, પરંતુ દેશ, સમાજ, જનતા અને ખાસ કરીને ગરીબો માટે નક્કી કરવું જોઈએ. જો લક્ષ્ય સમાજ અને દેશ માટે નક્કી કરવામાં આવ્યું છે, તો વિજય-પરાજયનો બોજ તમારા પર નહીં રહે. જીવનમાં ગમે તેટલી મુશ્કેલીઓ આવે, નિરાશા ક્યારેય ઉત્પન્ન નહીં થાય. જો લક્ષ્ય પોતાના માટે અને પોતાના પરિવાર માટે નક્કી કરશો, તો મુશ્કેલીઓમાં નિરાશા પણ આવશે અને તમે તમારા રસ્તા પરથી ભટકી પણ શકો છો. શ્રી શાહે પોતાનું ઉદાહરણ આપતા જણાવ્યું કે તેમણે જીવનમાં ઘણી મુશ્કેલીઓ વેઠી છે, પરંતુ ક્યારેય નિરાશા ઉત્પન્ન થઈ નથી. તેમણે કહ્યું કે તેનું કારણ એ હતું કે તેમણે જે લક્ષ્યો નક્કી કર્યા હતા, તે ન તો તેમના માટે હતા અને ન તો તેમના પરિવાર માટે હતા. આ જ કારણે કામ કરવાનો ઉત્સાહ હંમેશા જળવાઈ રહ્યો. તેમણે કહ્યું કે નિરાશ કરવાના લાખો પ્રયત્નો પછી પણ તેઓ ક્યારેય નિરાશ ન થયા. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે તેમણે પોતાના જીવનમાં ઘણા મહાપુરુષોને વાંચ્યા, સમજ્યા અને તેમના વિચારોને આત્મસાત કર્યા. પરંતુ મહાત્મા ગાંધીજીનો સંદેશ તે સમયે પણ પ્રાસંગિક હતો, આજે પણ છે અને આવનારા ૧૦૦ વર્ષો સુધી પ્રાસંગિક રહેશે. તેમણે કહ્યું કે ગાંધીજીનો સંદેશ આખી દુનિયાને

### ગૃહ મંત્રી અમિત શાહ

- મારી માતાએ મને જીવનભર ખાદી પહેરવાનો સંકલ્પ કરાવ્યો
- ૨૦૧૩-૧૪માં ખાદી ગ્રામોદ્યોગનું ટર્નઓવર ૩૧ હજાર કરોડ રૂપિયા હતું, જે ૨૦૨૫-૨૬માં વધીને ૧ લાખ ૮૭ હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું
- હાથને કૌશલ્ય, હૃદયને સંવેદના અને મગજને જ્ઞાન સાથે વિવેક પણ આપે તે જ શિક્ષણ છે
- ગાંધીજીએ ધર્માંતરણને પાપ ગણાવ્યું અને દરેક વ્યક્તિને સ્વધર્મ અનુસાર જીવવા માટે પ્રેરિત કર્યા
- ગાંધીજીએ 'નવનિર્માણ' નહીં, 'પુનઃનિર્માણ'ની વાત કહી, આ જ ભાવથી મોદી સરકાર સંસ્કૃતિ, સમૃદ્ધિ, સુરક્ષા, આત્મનિર્ભરતા અને નેતૃત્વમાં નૈતિકતાને આધાર બનાવીને દેશને આગળ વધારી રહી છે
- ગાંધીજીનો વિચાર હતો કે સ્વતંત્રતા ત્યાં સુધી અપૂર્ણ રહેશે જ્યાં સુધી આપણી ભાષા, સંસ્કૃતિ અને શ્રમ રાષ્ટ્રીય ન હોય, સ્વભાષા વિના સ્વરાજ ન મળી શકે
- યુવાનોને આગ્રહ - લક્ષ્ય માત્ર પોતાના માટે નહીં, દેશ, સમાજ અને ગરીબો માટે નક્કી કરો, પછી ગમે તેટલી મુશ્કેલી આવે, નિરાશા ક્યારેય નહીં આવે
- "હું મારી ભાષામાં બોલીશ તો નાનો થઈ જઈશ" - આ ભાવથી મોટું કોઈ પાપ ન હોઈ શકે, ભાષા જ આપણને દેશના સંસ્કાર, ઈતિહાસ અને આપણા મૂળિયાં સાથે જોડે છે
- ગાંધીજીએ ગ્રામ સ્વરાજ, ગ્રામ સમૃદ્ધિ અને સહકારિતા પર ભાર મૂક્યો હતો, મોદી સરકાર આ ત્રણેય દિશાઓમાં નવા સિરેથી અનેક કાર્યો કરી રહી છે

કલ્યાણનો માર્ગ બતાવે છે. ભારતીય જીવન-પદ્ધતિ, ભારતીય મૂલ્યો અને પરંપરાઓ જ ગાંધીજીના સંદેશનો મૂળ આધાર છે, તેથી આ ક્યારેય અપ્રાસંગિક નહીં થાય. શ્રી અમિત શાહે કહ્યું કે આજે ગુજરાત વિદ્યાપીઠમાંથી ૯૦૦ વિદ્યાર્થીઓ પદવી અને ૧૧ ગોલ્ડ મેડલ લઈને નીકળી રહ્યા છે. તેમને આગળ જતાં અનેક પારિવારિક અને સામાજિક પડકારોનો સામનો કરવો પડશે, પરંતુ નિત્ય સાધના અને સ્વાધ્યાયથી ઉકેલ નીકળશે. તેમણે કહ્યું કે ગુજરાત વિદ્યાપીઠ ગાંધીની બુનિયાદી તાલીમ — ગ્રામ-કેન્દ્રિત વિકાસ અને 'સ્વ' થી 'પર' ની વિચારસરણી એટલે કે પોતાની જગ્યાએ બધાનું વિચારવાના શિક્ષણ પર આધારિત છે. તેમણે કહ્યું કે ભારત પાછા ફર્યા પછી મહાત્મા ગાંધીએ ગોપાલ કૃષ્ણ ગોખલેની સલાહ માનીને આખા દેશનો ભ્રમણ કર્યો હતો. આટલી ભિન્ન-ભિન્ન ભાષાઓ, બોલીઓ, પહેરવેશ, ખાન-પાન અને ધર્મ હોવા છતાં જ્યારે તેઓ પાછા આવ્યા, ત્યારે ચંપારણમાં ડૉ. રાજેન્દ્ર પ્રસાદ જીને તેમણે કહ્યું હતું કે તેમણે આ દેશમાં એક અદ્ભુત એકાત્મકતાના દર્શન કર્યા છે. આ જ એકાત્મતાને અનેક પ્રયોગોના માધ્યમથી તેમણે ધરાતલ પર ઉતારવાનું કાર્ય કર્યું અને ગુજરાત વિદ્યાપીઠ આની પ્રયોગશાળા બની. શ્રી શાહે કહ્યું કે ગાંધીજીના વિચારો અને માર્ગદર્શનને અનુરૂપ ૧૮ ઓક્ટોબર ૧૯૨૦ના રોજ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી હતી. શ્રી અમિત શાહે કહ્યું કે ગાંધીજીનું માનવું હતું કે સ્વાધીનતા ત્યાં સુધી અપૂર્ણ છે, જ્યાં સુધી આપણી ભાષા, સંસ્કૃતિ, શ્રમ અને ઉદ્દેશ્ય રાષ્ટ્રહિત સાથે જોડાયેલા ન હોય. તેમનું માનવું હતું કે સ્વભાષા નથી તો સ્વરાજ ક્યારેય મળી જ ન શકે. આપણો ધર્મ, આપણી સંસ્કૃતિ સાથે જો આપણે જોડાયેલા નથી તો સ્વતંત્રતાનો કોઈ અર્થ નથી. જો આપણો શ્રમ અને આપણો ઉદ્દેશ્ય, આપણા દેશ સાથે જોડાયેલો નથી તો સ્વતંત્રતા મળવા છતાં પણ આપણે તેની રક્ષા નહીં કરી શકીએ. ગૃહ મંત્રીએ કહ્યું કે હાથ, હૃદય અને મગજના સંકલનથી રાષ્ટ્રનું પુનઃનિર્માણ થાય, એ જ શિક્ષણનો ઉદ્દેશ્ય હોવો જોઈએ. એવું શિક્ષણ હોય, જે હાથોને કૌશલ્ય આપે, હૃદયમાં સંવેદનશીલતા જગાડે અને મગજને જ્ઞાન સાથે વિવેક અપનાવવા માટે ખોલે. માત્ર જ્ઞાનથી ભરેલું મગજ અહંકારને જન્મ આપે છે, પરંતુ જ્ઞાન અને વિવેકથી યુક્ત મગજ વિનમ્રતા અને વિદ્વત્તાનો વિકાસ કરે છે. શ્રી અમિત શાહે કહ્યું કે નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ પાંચ સ્તંભો પર ટકેલી છે — માતૃભાષા, કૌશલ્ય, બહુ-વિષયક અધ્યયન, ભારતીય જ્ઞાન પરંપરા અને સમગ્ર વ્યક્તિત્વ વિકાસ. આ એક પ્રકારે એ જ શિક્ષણ પદ્ધતિ છે, જે ભારતે સદીઓ સુધી દુનિયાને આપી અને હવે એ જ શિક્ષણ પદ્ધતિ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જી આપણા યુવાનો માટે પાછી લઈને આવ્યા છે. તેમણે કહ્યું કે મૂળ તત્વને બદલ્યા વિના વિશ્વભરની આધુનિકતાને નવી શિક્ષણ નીતિમાં સમાહિત કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે ગાંધીજીએ ૭ સામાજિક પાપ બતાવ્યા છે. જો આ ૭ સામાજિક પાપોથી બચી શકાય તો સમાજની ૯૦% બુરાઈઓને સમાપ્ત કરી શકાય છે. આમાં સિદ્ધાંત-વિહીન રાજનીતિ, નૈતિકતા-વિહીન વેપાર, શ્રમ-વિહીન ધન, વિવેક-વિહીન ભોગ, ચરિત્ર-વિહીન જ્ઞાન, માનવતા-વિહીન વિજ્ઞાન અને ત્યાગ-વિહીન ઉપાસના સામેલ છે. તેમણે કહ્યું કે આજે તમામ યુવાનોએ આ સાત સામાજિક પાપ હંમેશા યાદ રાખવા જોઈએ. તેમણે કહ્યું કે આપણે કોઈ મહાપુરુષ નથી કે આમાંથી કોઈ પાપ આપણાથી ક્યારેય ન થાય. પરંતુ જો આનું ભાન રહેશે, તો કરતી વખતે આપણે અચકાઈશું, અટકીશું; અને ક્યારેક કરવું પડી જાય, તો તેનું પ્રાયશ્ચિત પણ કરી લઈશું. શ્રી અમિત શાહે કહ્યું કે મહાત્મા ગાંધીએ ૧૧ સૂત્રોનું વ્રત લેવડાવ્યું હતું, જેમાં અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, શરીરશ્રમ, અસ્વાદ, અભય, સર્વધર્મસમભાવ, સ્વદેશી અને અસ્પૃશ્યતા-નિવારણ સામેલ હતા. આ ૧૧ સૂત્રો આજે પણ પ્રાસંગિક છે અને આનું પાલન કરતા આપણે આગળ વધવું જોઈએ. તેમણે કહ્યું કે ગાંધીજીએ ધર્માંતરણને પાપ બતાવ્યું હતું. સ્વધર્મ અનુસાર જીવવાની પ્રતિજ્ઞા આજે વિદ્યાર્થીઓએ પણ લીધી છે. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે ખાદી માત્ર એક વસ્ત્ર કે આર્થિક પ્રવૃત્તિ નથી, પરંતુ આ વિચાર છે કે હું મારા જીવનની દરેક પ્રવૃત્તિમાં સ્વદેશીની ચિંતા કરીશ. તેમણે કહ્યું કે ૨૦૧૩-૧૪માં ખાદી ગ્રામોદ્યોગનું ટર્નઓવર ૩૧ હજાર કરોડ રૂપિયા હતું, જે ૨૦૨૫-૨૬માં વધીને ૧ લાખ ૮૭ હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું. તેમણે કહ્યું કે ગાંધીજીએ સ્વચ્છતા પર આગ્રહ રાખ્યો અને આજે દેશમાં એવું એક પણ ઘર નથી, જ્યાં શૌચાલય ન હોય. તેમણે કહ્યું કે મોદી જીએ નવી પેઢીમાં સ્વચ્છતાના સંસ્કારને શિક્ષણ સાથે જોડવાનું કામ કર્યું. શ્રી અમિત શાહે કહ્યું કે સ્વભાષાના વિષયમાં દુનિયાની કોઈ પણ ભાષા શીખવામાં કોઈ વાંધો નથી. પરંતુ એ વિચારવું કે હું મારી ભાષામાં બોલીશ તો નાનો થઈ જઈશ, આનાથી મોટું પાપ બીજું ન હોઈ શકે. ભાષા જ આપણને દેશના સંસ્કાર, ઈતિહાસ અને મૂળિયાં સાથે જોડે છે. એટલા માટે ગાંધીજીએ સ્વભાષા પર પણ ભાર મૂક્યો. ગ્રામ સ્વરાજ, ગ્રામ સમૃદ્ધિ અને સહકારિતા પર પણ તેમણે ભાર આપ્યો. મોદી જીની સરકાર આ ત્રણેય પર નવા સિરેથી કામ કરી રહી છે. ગૃહ મંત્રીએ કહ્યું કે ગુલામીના કાળમાં તૂટી-તૂટીને પણ ગાંધીજીએ હંમેશા દેશના 'પુનઃનિર્માણ' શબ્દનો પ્રયોગ કર્યો, 'નવનિર્માણ' નો નહીં. ગાંધીજીનું માનવું હતું કે સિદ્ધાંતો એ જ રહેશે જે હજારો વર્ષોથી ચાલ્યા આવે છે; પરંતુ આપણે આધુનિક બનીશું અને પુનઃનિર્માણ કરીશું. શ્રી શાહે કહ્યું કે છેલ્લા ૧૨ વર્ષોમાં દેશ પુનઃનિર્માણના માર્ગ પર ચાલી નીકળ્યો છે. દેશનું સામર્થ્ય, સમૃદ્ધિ, સુરક્ષા, આત્મનિર્ભરતા અને નેતૃત્વમાં નૈતિકતા — આ સિદ્ધાંતોને મૂળ બનાવીને મોદી જીની સરકારે ૨૦૧૪ થી ૨૦૨૬ સુધી ચાલવાનો સફળ પ્રયાસ કર્યો છે. જ્યારે આઝાદીના ૭૫ વર્ષ પૂરા થયા, ત્યારે તેમણે દેશના યુવાનો સામે એક સંકલ્પ મૂક્યો કે ૨૦૪૭માં દેશની આઝાદીની શતાબ્દી વખતે ભારત દરેક ક્ષેત્રમાં વિશ્વમાં સર્વપ્રથમ હોવું જોઈએ. તેમણે કહ્યું કે આપણે સર્વપ્રથમ હઈશું તો માત્ર પોતાની ચિંતા નહીં કરીએ, આખા બ્રહ્માંડની ચિંતા કરીશું. આપણે શક્તિશાળી પણ હઈશું, પરંતુ શક્તિનો ઉપયોગ વિવેક સાથે થશે. આપણે સમૃદ્ધ હઈશું, પરંતુ એ સમૃદ્ધિ દેશના દરેક નાગરિક અને દુનિયાભરના દરેક પીડિત માટે હશે. આ જ પરિકલ્પના સાથે મોદી જીએ ૨૦૪૭ના ભારતની કલ્પના આજના યુવાનો સામે મૂકી છે.

# કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષસ્થાને ઘાટલોડિયા વિધાનસભા વિસ્તારમાં લોક દરબાર યોજાયો

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, શહેરી વિકાસ રાજ્ય મંત્રીશ્રી દર્શનાબેન વાઘેલા અને મેયર શ્રી હિતેશભાઈ બારોટની ઉપસ્થિતિ

### બોપલ-ઘુમા, શેલા અને આસપાસના વિસ્તારના પ્રજાજનોના પાયાના પ્રશ્નો અને રજૂઆતોના યોગ્ય ઉકેલ અર્થે કરાયું મનોમંથન

કમલમ્,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઘાટલોડિયા વિધાનસભા વિસ્તારમાં આવેલા બોપલ, ઘુમા અને શેલા સહિતના વિસ્તારોના નાગરિકો માટે બોપલની બી.કે.એમ. સ્કૂલ ખાતે 'લોક દરબાર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર લોકસભા વિસ્તારના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિત શાહ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા તથા અમદાવાદના મેયર શ્રી હિતેશભાઈ બારોટ ઉપસ્થિત રહ્યા હતા. આ લોક દરબારમાં ઘાટલોડિયા વિધાનસભા વિસ્તારના બોપલ, ઘુમા અને શેલા જેવા ઝડપથી વિકસતા રહેણાંક વિસ્તારોના સ્થાનિક નાગરિકો અને સોસાયટીના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહીને પોતાના વિસ્તારના વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ અંગે રજૂઆતો કરી હતી. ખાસ કરીને તાજેતરમાં સર્જાયેલી જળભરાવની સ્થિતિ, વરસાદી પાણીના નિકાલ (સ્ટોર્મ વોટર ડ્રેનેજ), રસ્તાઓ અને ટ્રાફિક વ્યવસ્થા, નવી પાઈપલાઈન દ્વારા પીવાના પાણીની સુવિધા, ડ્રેનેજ લાઈન તેમજ ઝોનલ લેવલની માળખાકીય સુવિધાઓને લગતા મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવો અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ નાગરિકોના પ્રશ્નો અને રજૂઆતોને શાંતિપૂર્વક સાંભળીને તેના ત્વરિત અને યોગ્ય ઉકેલ માટે સ્થળ પર જ સકારાત્મક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે લોક દરબારમાં ઉપસ્થિત નાગરિકોને સંબોધતા જણાવ્યું હતું કે, આ વિસ્તારના નાગરિકો સાથે પાછલા ૩૦ વર્ષથી વધુ સમયથી તેમનો સંબંધ પરિવાર જેવો આત્મિયતાપૂર્ણ રહ્યો છે. તાજેતરમાં સર્જાયેલી ૨૦-૨૧ ઈંચ જેટલા ભારે વરસાદની પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે અણધાર્યા અને ભારે વરસાદના કારણે આ વિસ્તારના નાગરિકોને તકલીફ પડી હતી. શ્રી અમિત શાહે વધુમાં ઉમેર્યું હતું કે જળબંબાકારની સ્થિતિમાંથી પાણી ઓસર્યાના બીજા જ દિવસથી વરસાદી પાણીના કાયમી નિકાલ માટેનું ગ્રાઉન્ડ લેવલનું પ્લાનિંગ શરૂ કરી દેવાયું છે. તેમણે વિસ્તારના રહીશોને ખાતરી આપતાં જણાવ્યું હતું કે આગામી




### શહેરીજનોની રજૂઆતો સાંભળીને જનસુવિધા અને માળખાકીય સુવિધાઓ વધુ સુદ્રઢ બનાવવા સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ આપી બાહેંધરી

સમયમાં ૩૦ ઈંચ જેટલો વરસાદ પડે તો પણ સોસાયટીઓ અને ઘરોમાં પાણીના ભરાય તે પ્રકારનું સુદ્રઢ અને ટાઈમ-બાઉન્ડ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. બોપલ, ઘુમા, શેલા અને આજુબાજુના નવવિકસિત વિસ્તારો માટે જાસપુરથી પીવાના પાણીની લાઈનની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે, જેના થકી આગામી સમયમાં તમામ રહીશોને નર્મદાનું શુદ્ધ પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળતું થઈ જશે. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે એક સમયે ગ્રામ પંચાયત ધરાવતા આ વિસ્તારમાં આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મેટ્રો, એએમટીએસ, ફ્લાયઓવર, ડ્રેનેજ, અને સ્પોર્ટ્સ સંકુલ જેવા રોડ-રસ્તા અને માળખાકીય વિકાસના અભૂતપૂર્વ કામો થયા છે. સાથે જ આ ક્ષેત્રમાં કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષાનું વાતાવરણ અત્યંત મજબૂત બન્યું છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ત્રણેય વહીવટી પાંખો નાગરિકોના પ્રશ્નો પ્રત્યે અત્યંત ગંભીર છે અને લોક દરબારમાં મળેલી તમામ લેખિત તથા મૌખિક રજૂઆતોનું સત્વરે નિરાકરણ લાવવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે લોક દરબારમાં ઉપસ્થિત નાગરિકોને સંબોધતા જણાવ્યું હતું કે, બદલાયેલી ઋતુચક્રની પેટર્નના કારણે તાજેતરમાં બોપલ અને આસપાસના વિસ્તારમાં ૨૦ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો હતો, પરંતુ આ કુદરતી આપદા વચ્ચે પણ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહના સતત માર્ગદર્શન હેઠળ વહીવટીતંત્ર દ્વારા પાણીના નિકાલ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. આગામી સમયમાં ચોમાસા દરમિયાન નાગરિકોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે માટે મજબૂત ડ્રેનેજ અને રોડ-રસ્તાનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે બોપલ-ઘુમા વિસ્તારમાં મિની સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, અંડરપાસ, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, પીવાના શુદ્ધ પાણીની પૂરતી સગવડ તેમજ ખાનગી સોસાયટીઓમાં રેન વોટર હાર્વેસ્ટિંગ માટે પરકોલેશન વેલ, આર.સી.સી. રોડ અને પેવર બ્લોકના કામો મંજૂર કરી પૂર્ણ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દેશવ્યાપી જળ સંચય અભિયાન અંતર્ગત તળાવોના ઈન્ટરલિંકિંગ અને રિચાર્જિંગ બોર દ્વારા પાણીના ટીપે-ટીપાનો સંગ્રહ કરવાનું સફળ અભિયાન ચલાવાઈ રહ્યું છે. બોપલ-ઘુમા વિસ્તારના વિકાસ અંગે વધુમાં વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ

### ભવિષ્યમાં ભારે વરસાદમાં પણ આ વિસ્તારમાં પાણી ન ભરાય તે માટે વરસાદી પાણીના નિકાલ માટે સુદ્રઢ અને ટાઈમ-બાઉન્ડ આયોજન હાથ ધરવામાં આવ્યું છે :- કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ

જણાવ્યું હતું કે બોપલ-ઘુમા વિસ્તાર પાછળથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભળ્યો હોવા છતાં, શહેરના અન્ય વિસ્તારોની સમકક્ષ તમામ નાગરિક સુવિધાઓ અને કોર્પોરેશનના તમામ લાભો આ વિસ્તારના લોકોને મળે તેવા સ્પષ્ટ પ્રયાસો હાથ ધરાયા છે અને આ લોકદરબારના માધ્યમથી સ્થાનિકો દ્વારા રજૂ કરવામાં આવતી તમામ વ્યાજબી સમસ્યાઓનું કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સત્વરે સોલ્યુશન લાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. અમદાવાદના મેયર શ્રી હિતેશભાઈ બારોટે જણાવ્યું કે આ લોકદરબારનો મુખ્ય ઉદ્દેશ બોપલ, ઘુમા અને શેલા વિસ્તારના નાગરિકો તથા સોસાયટીના ચેરમેન-સેક્રેટરીઓ સાથે સીધો સંવાદ સાધી સ્થાનિક પ્રશ્નોનું ત્વરિત નિવારણ લાવવાનો છે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ બોપલ-ઘુમા કોર્પોરેશનમાં ભળ્યા બાદ પીવાના પાણી માટે ૧૧ જેટલી ટાંકીઓ, કચરાના ડમ્પિંગ સાઈટનું ઈકોલોજી પાર્કમાં રૂપાંતરણ, રોડ-રસ્તા, હેલ્થ સેન્ટર અને સ્વિમિંગ પૂલ જેવા અનેકવિધ વિકાસ કાર્યો હાથ ધરાયા છે. તાજેતરમાં ૨૦ ઈંચ જેટલા ભારે વરસાદ બાદ વહીવટીતંત્ર નાગરિકોની વચ્ચે રહ્યું છે અને પ્રાથમિક સર્વેના આધારે આ વિસ્તારોમાં તાત્કાલિક ?૧૪૩ કરોડથી વધુના રિપેરિંગ તથા માળખાકીય કામો શોર્ટ નોટિસ ટેન્ડરથી શરૂ કરી દેવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં અમદાવાદના ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ અને શ્રી અમિતભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, શહેર પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત, રેન્જ આઈજી શ્રી રાઘવેન્દ્ર વત્સ, જિલ્લા કલેક્ટર શ્રી ભવ્ય વર્મા, શહેર પ્રમુખ શ્રી પ્રેરકભાઈ શાહ, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ શ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જર, ડેપ્યુટી મેયર શ્રીમતી અંજુબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલ, મ્યુનિસિપલ શાસક પક્ષના નેતા શ્રી જશુભાઈ ઠાકોર, દંડકશ્રી અતુલભાઈ મિશ્રા, સહિત કોર્પોરેશન અને ઔડાના ઉચ્ચ અધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

**લોક દરબારના માધ્યમથી સ્થાનિકો દ્વારા રજૂ કરવામાં આવતી તમામ વ્યાજબી સમસ્યાઓનું નિરાકરણ લાવવા સરકાર કટિબદ્ધ :-મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028